**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૧૯/૦૯/૨૦૧૭ મંગળવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૮૯૩/૧૭**

**સરદારનગર પોલીસ સ્ટેશન :**

(પ્રોહિબીશનનો ગણનાપાત્ર કેસ)

આજરોજ તા.૧૯/૯/૨૦૧૭ ના રોજ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ નાઓના માર્ગદર્શન હેઠળ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જી' ડીવીઝન નાઓની સુચનાથી સીનીયર પો.ઇન્સ શ્રી એચ.બી.ઝાલા સરદારનગર પો.સ્ટે ના માર્ગદર્શન હેઠળ પો.સબ.ઇન્સ. કે.એમ.ચૌધરી તથા હેકો. જીવણભાઇ મેઘજીભાઇ બનં-૭૫૫૦ તથા પોકો. સંદિપસિંહ કોદરસિંહ બનં-૩૫૦૩ તથા પોકો. પ્રવિણસિંહ દેવેન્દ્રસિંહ બનં-૪૮૯૭ તથા પોકો. દર્શનસિંહ પ્રવિણસિંહ બનં-૬૧૫૬ તથા પોકો. શકિતસિંહ લાલુભા બનં-૩૧૨૯ તથા પોકો. ક્રિપાલસિંહ અનવરસિંહ બનં-૮૮૨૧ તથા પોકો. હાવેશકુમાર ખોડાભાઇ બનં-૩૫૦૯ તથા પોકો. જીતેન્દ્રકુમાર અરખાભાઇ બનં-૫૧૧૯ નાઓ સાથે કુબેરનગર પો.ચોકી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા કલાક ૦૦/૪૫ વાગે કુબેરનગર રેલ્વે ક્રોસીંગ પાસે આવતા સાથેના પો.કો. જીતેન્દ્રકુમાર અળખાભાઇ નાઓને ખાનગી રાહે બાતમી હકિકત મળેલ કે છારાનગર ફ્રી કોલોની ખાતે રહેતો અલ્પેશ ઉર્ફે અલ્પુ ગોપાલભાઇ ઇન્દ્રેકર નાનો પોતે પોતાના મકાનની સામે આવેલ ગલીમાં સીડી નીચે કેટલોક ગે.કા. પરપ્રાંતનો ઇંગ્લીશ દારુનો જથ્થો લાવી સંતાડી મુકી રાખેલ છે જેથી સદરી હકીકત આધારે રેડ કરી એક ઇસમ નામે **અલ્પેશ ઉર્ફે અલ્પુ સ/ઓ ગોપાલભાઇ મોહનભાઇ ઇન્દ્રેકર ઉવ.૩૫ રહે, ફ્રી કોલોની છારાનગર કુબેરનગર અ'વાદ શહેર** નાને રોકી પકડી લીધેલ બાદ સદરીને સાથે રાખી તપાસ કરતા **પરપ્રાંતની ઇંગ્લીશ દારુની અલગ અલગ બ્રાંડની નાની-મોટી બોટલ નંગ-૬૨૪ કુલ્લે કિ.રૂ.૧,૨૦,૦૦૦/-** ની મત્તાનો ઇંગ્લીશ દારુનો જથ્થો મળી આવતા સદરી ઇસમ વિરૂધ્ધમાં કાયદેસર કાર્યવાહી કરવામા આવેલ છે. આમ સરદારનગર પોલીસ સ્ટેશનના સ્ટાફના માણસો દ્વારા પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.

## રામોલ પોલીસ સ્ટેશન :

# નકલી એ.સી.બી. પી.આઇ બની રૂઆબ જાડતો ઇસમને પકડી પાડતી રામોલ પોલીસ અમદાવાદ શહેર

આજરોજ તા.૧૯/૦૯/૨૦૧૭ નારોજ પ્રીતેશકુમાર રાજેન્દ્રકુમાર રાવલ ઉ.વ.૩૫ રહે.મ.નં.૧૫૦ શ્રેયાંસનાથ સોસાયટી કઠવાડા રોડ નરોડા અમદાવાદ શહેરનાનો પોતાની ફોર વ્હીલ ગાડી નં.GJ.01.HK.0645 ની આગળ તથા પાછળની સાઇડ ઉપર લગાવેલ નંબર પ્લેટ ઉપર ગર્વમેન્ટ ઓફ ઇંડીયા એંટી કરપ્શન એંડ કાઇમ કંટ્રોલ કમીટી વિજીલંસ ઇસ્પેક્ટર ગુજરાત રાજય લખી પોતાનો આર્થિક હેતુ સિધ્ધ પાડવા સારૂ રામોલ પોલિસ સ્ટેશનમા આવી એ.સી.બી. પી.આઇ બની રૂઆબ જાડવા સારૂ આવેલ આમ નકલી એ.સી.બી. અધિકારી બની ફરતા બનાવ બનતા રોકવામાં અને પકડી પાડવામાં રામોલ પોલીસને સફળતા મળેલ છે તેની પાસેથી સેંટ્રો ગાડી કિ.રૂ. ૧,૫૦,૦૦૦/ ની કબ્જે લેવામાં આવેલ છે આરોપીની વિરૂધ્ધમા રામોલ પો.સ્ટેશન સેકંડ ગુ.ર.નં.૩ ૨૪૫/૧૭ ધી ઇ.પી.કો કલમ.૧૭૦ મુજબનો ગુનો રજીસ્ટર કરવામા આવેલ છે.





## સાબરમતી પોલીસ સ્ટેશન :

**સાબરમતી વિસ્તારમાંથી પૈસા પાનાથી તીન પત્તીનો જુગાર રમી રમાડતા કુલ સાત ઇસમોની કુલ્લે રૂપિયા 47780/-ના સાથે ધરપકડ કરતી સાબરમતી પોલીસ**

મેં પોલીસ કમિશ્નર સાહેબ શ્રીનાઓની સુચના આધારે નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-2 અમદાવાદ શહેર તથા મદદનીશ પો.કમિ શ્રી એલ.ડીવીઝન અમદાવાદ શહેરનાઓ સાહેબ તથા અમારા માર્ગદર્શન હેઠળ આજરોજ અનાર્મ હેડ કોન્સ અરવિંદકુમાર માનાભાઇ બ.નં 3942 નાઓને બાતમી હકીકત મળેલ કે સાબરમતી પાવર હાઉસ સુરભી હોટલની બાજુમાં પોપટલાલની ચાલીમાં આવેલ રામાપીર તથા જોગણી માતાના મંદીર પાસે ખુલ્લી જગ્યામાં કેટલાક માણસો ગોળ કુંડાળુવળી પૈસા પાનાથી હારજીતનો તીન પત્તીનો જુગાર રમી રમાડે છે અને હાલમાં તેઓની પ્રવૃતી ચાલુ છે જે બાતમી હકીકત આધારે તેઓએ બીજા પોલીસ સ્ટાફ તથા પંચો સાથે રાખી હકીકતવાળી જગ્યાએ રેડ કરી હકીકતવાળી જગ્યાએ પૈસા પાનાથી હારજીતનો તીન પત્તીનો જુગાર રમતા કુલ સાત ઇસમોને પકડી લીધેલ અને તેઓ પાસેથી જુગારના દાવના નાણા રૂપિયા 780/-તથા અંગ ઝડતીના નાણા રૂપિયા 31300/-તથા ગંજીપાના તથા મોબાઇલ ફોન મળી કુલ્લે રૂપિયા 47,780/-નો મુદ્દામાલ કબજે લીધેલ છે અને તેઓ તમામ વિરૂધ્ધમાં સાબરમતી પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી નં -3172/2017 જુગાર ધારા કલમ 12 મુજબનો ગુનો દાખલ કરી આગળની વધુ તપાસ જારી છે

## સુરક્ષા સેતુ રથ:

બાપુનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી બાપુનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ







નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.